# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07/05/2026** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **દેશભરના તમામ પેટ્રોલ પમ્પ પર પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ- ગભરાટમાં ખરીદી ન કરવા સરકારની અપીલ.**
2. **વર્ષ 2025ના નવ મહિનામાં 44 હજાર 41 કરોડ રૂપિયાનું સીધું વિદેશી રોકાણ મેળવનારું ગુજરાત સમગ્ર દેશમાં ત્રીજા ક્રમે.**
3. **રાજકોટ, મોરબી, બોટાદ, અમરેલી, ભાવનગર અને કચ્છમાં આજે કમોસમી વરસાદની સંભાવના.**
4. **"યુવાનોમાં ભાગીદારી, આરોગ્ય પ્રત્યે જાગૃતિ અને તંદુરસ્તીને પ્રોત્સાહન આપવા"ની વિષયવસ્તુ સાથે આજે વિશ્વ ખેલકૂદ દિવસની ઉજવણી.**
5. **શ્રીલંકામાં રમાયેલી આંતર-રાષ્ટ્રીય ટી-20 ક્રિકેટમાં ભારતીય ટીમને વિજય અપાવવામાં રાજ્યના ત્રણ દિવ્યાંગ ખેલાડીઓનું મહત્વનું યોગદાન.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# INTER MINISTERIAL STAETEMENT

સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ અને LPGની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. દેશભરમાં કાર્યરત્ રિટેલ આઉટલેટ્સ પેટ્રોલ પમ્પ પર પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. દરમિયાન સરકારે લોકોને ગભરાટમાં આવીની ખરીદી ન કરવાની પણ સલાહ આપી છે.

પશ્ચિમ એશિયામાં તાજેતરના ઘટનાક્રમ અંગે આંતર-મંત્રાલય પરિષદમાં અધિકારીઓએ જણાવ્યું, ઘરેલું LPG, PNG અને CNG પરિવહન માટે 100 ટકા પૂરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે.

# KAMALESH PATEL JAIL VISIT

પોલીસ હાઉસિંગ અને જેલ રાજ્યમંત્રી કમલેશ પટેલે ગઇકાલે અમદાવાદની સાબરમતી મધ્યસ્થ જેલની મુલાકાત લીધી. તેમણે જેલમાં કેદીઓની સુધારણા માટે કરાતી કામગીરીની સમીક્ષા કરી. તેમજ બંદીવાનોને લઘુઉદ્યોગો અંગે અપાતી તાલીમની શ્રી પટેલે પ્રશંસા કરી.

**(BYTE: KAMLESH PATEL STATE LEVEL MINISTER)**

# ADALAJ CHINTAN SHIBIR

ગાંધીનગરના અડાલજમાં મહેસૂલ ચિંતન શિબિરના બીજા દિવસે ગઈકાલે વિવિધ સત્ર યોજાયા. મહેસૂલ ક્ષેત્રના નિષ્ણાતો અને ઉચ્ચ અધિકારીઓએ સાત વિવિધ જૂથમાં વહેંચાઈને જમીન વહીવટ અને નાગરિક સુવિધાઓ અંગે કાર્યવાહી અંગે પરિસંવાદ અને ગહન વિચાર-વિમર્શ કર્યો હતો. મહેસૂલ વિભાગનાં અધિક મુખ્ય સચિવ ડૉક્ટર જયંતી રવિની ઉપસ્થિતિમાં પ્રથમ જૂથ દ્વારા ILA મારફતે જમીનના ઉપયોગ - CLUમાં ફેરફાર અને મ્યુટેશન એટલે કે, કાયમી ફેરફાર જેવી પ્રક્રિયાઓને વધુ શ્રેષ્ઠ બનાવવા પર ભાર અપાયો.

આ ઉપરાંત જમીન વહીવટમાં કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. અને બ્લૉકચેનના ઉપયોગ વિષય પર સત્ર યોજાયું. તેમાં IIT ગાંધીનગરના સહાયક પ્રાધ્યાપક સમીર કુલકર્ણીએ વહીવટી અધિકારીઓને જમીન વ્યવસ્થાપનમાં ક્રાંતિકારી ફેરફાર લાવવા ટેક્નોલૉજીના ઉપયોગ અંગે વિસ્તૃત માહિતી આપી. તેમણે કહ્યું, A.I.ના ઉપયોગથી મહેસૂલી કેસના નિકાલમાં પેટર્ન ઓળખીને ઝડપી નિર્ણય લેવાની પ્રક્રિયામાં મદદ મળશે.

# AMC HPV DRIVE

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા સર્વાઇકલ કેન્સરને રોકવા HPV રસીકરણ હાથ ધરાયું છે. કિશોરીઓને HPV રસી અંગે જાગૃત કરવા અને લાભાર્થીઓને નિ:શુલ્ક રસીકરણનો લાભ મળે તે માટે મહાપાલિકાના શહેરી આરોગ્ય કેન્દ્ર તથા હોસ્પિટલમાં આ અભિયાન ચાલી રહ્યું છે. આ અંગે એક મહિલા તબીબે વધુ માહિતી આપી.

(BYTE: DOCTOR)

# FDI INVESTMENT IN STATE

રાજ્યમાં એપ્રિલ 2025થી ડિસેમ્બર 2025 સુધીમાં 44 હજાર 41 કરોડ રૂપિયાનું વિદેશી રોકાણ આવ્યું છે. આ સાથે જ સીધું વિદેશી રોકાણ – FDI મેળવવામાં ગુજરાત દેશભરમાં ત્રીજા ક્રમાંકે રહ્યું છે. સત્તાવાર યાદી મુજબ, રાજ્યમાં FDIમાં અડધાથી વધુ એટલે કે, 52 ટકા હિસ્સો માત્ર અમદાવાદ જિલ્લાનો છે. રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલી ગિફ્ટ સિટી અને ધોલેરા S.I.R. જેવી માળખાકીય પરિયોજનાઓના કારણે આગામી વર્ષોમાં આ રોકાણ વધવાની શક્યતા છે.

બીજી તરફ, સેમિ-કન્ડક્ટર, ગ્રીન એનર્જી, ડેટા સેન્ટર્સ, ફાર્મા અને સંરક્ષણ જેવા ભવિષ્યના ક્ષેત્રોમાં રોકાણકારોએ વિશેષ રસ દાખવ્યો છે.

## GSRTC DIGITAL PAYMENT

રાજ્યમાં આઠ હજારથી વધુ બસમાં ડિજિટલ પૅમેન્ટની વ્યવસ્થા કરાતા ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ – GSRTCની દૈનિક આવકમાં અંદાજે 30 ટકા આવક ડિજિટલ માધ્યમથી થઈ રહી છે. અમદાવાદના સ્થાનિક મનીષ ઘાંચીએ તાજેતરમાં બસમાં વડોદરા જતી વખતે ઑનલાઈન પેમેન્ટ કર્યું. GSRTCની આ પહેલ અંગે તેમણે પ્રતિક્રિયા આપી.

**(BYTE: MANISH GHANCHI)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી ત્રણ દિવસ બાદ ગરમી વધવાની આગાહી છે. હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, રાજ્યના કેટલાક જિલ્લામાં આગામી સાત દિવસ મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસની ઉપર જ રહી શકે છે. તો, આજે રાજકોટ, મોરબી, બોટાદ, અમરેલી, ભાવનગર અને કચ્છમાં હળવાથી મધ્યમ કમોસમી વરસાદની પણ સંભાવના છે.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)**

# DISTRICT RAIN

રાજ્યના કેટલાક જિલ્લામાં ગઈકાલે કમોસમી સામાન્ય વરસાદ નોંધાયો. અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ભવનાથ, લીલછા, ખલવાડ અને મઉ સહિતના ગામોમાં ભારે વરસાદ થતાં મકાઈ, બાજરી અને ઘાસચારા જેવા પાકોને નુકસાન થવાની ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે.

તાપીના ઉકાઈ તેમજ ઉચ્છલ તાલુકાના વાતાવરણમાં પલટો આવતા ભારે પવન સાથે વરસાદી ઝાપટા પડ્યા હતા.

# WORLD ATHLETICS DAY

“યુવાનોમાં ભાગીદારી, આરોગ્ય પ્રત્યે જાગૃતિ અને તંદુરસ્તીને પ્રોત્સાહન આપવા”ની વિષયવસ્તુ સાથે આજે સાત મે-એ વિશ્વ ખેલકૂદ દિવસની ઉજવણી કરાશે. ખાસ કરીને બાળકોના ખેલકૂદ દિવસના પાંચ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે પાવર ઑફ ફાઈવ અભિયાનને વિશેષરૂપે રેખાંકિત કરાશે.

**(VC: PRAVESH ADIACHA)**

(આજના ડિજિટલ યુગમાં પણ ખેલકૂદ જેવી રમતો યુવાનોને સ્વાસ્થ્ય અને સકારાત્મક જીવનશૈલી તરફ દોરી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં રાજ્યમાં નવા પ્રતિભાશાળી ખેલાડીઓ ઉભરી રહ્યા છે. તાજેતરમાં કર્ણાટકમાં યોજાયેલી 21-મી નૅશનલ જૂનિયર અંડર-20 ઍથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં બે રજત અને બે કાંસ્ય ચંદ્રક રાજ્યના ખેલાડીઓ જીતીને આવ્યા છે. એટલું જ નહીં, વર્ષ 2025-26માં રાષ્ટ્રીય કક્ષાએ 11 સુવર્ણ, 12 રજત અને 22 કાંસ્ય એમ કુલ 45 તથા આંતર-રાષ્ટ્રીય કક્ષાએ 11 ખેલાડીએ સફળતાપૂર્વક ભાગ લઈ પાંચ ચંદ્રક પોતાના નામે કરી ગુજરાતનું નામ વિશ્વમાં ગૂંજતું કર્યું. ગયા વર્ષે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં પાંચ ચંદ્રક સાથે 11 ખેલાડીઓએ રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું હતું. પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)

# STATE PLAYERS ACHIEVEMENT

રાજ્યના ત્રણ દિવ્યાંગ ખેલાડીએ આંતરરાષ્ટ્રીય ટી-20 ક્રિકેટમાં અદભૂત પ્રદર્શન કરી ભારતીય ટીમને વિજય અપાવ્યો. શ્રીલંકામાં એકથી છ મે સુધી યોજાયેલી રૅડિયન્ટ દિવ્યાંગ ટી-20 ક્રિકેટ શ્રેણીમાં શ્રીલંકા સામે ટીમના ઉપ-સુકાની ચિરાગ ગાંધી, રિઝવાન લિબાદા અને મુનાફ પટલવાલાએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું.

શ્રેણીની ત્રીજી અને નિર્ણાયક મેચમાં ઉપસુકાનીએ 13 બોલમાં 16 રન અને 3.3 ઑવરમાં ત્રણ વિકેટ લેવા બદલ તેમને મેન ઑફ ધ મૅચ જાહેર કરાયા હતા. સાથે જ ત્રણ મેચમાં કુલ પાંચ વિકેટ લઈ ચિરાગ ગાંધીએ શ્રેષ્ઠ બૉલરનો પણ પુરસ્કાર પોતાના નામે કર્યો.

# KUTCH BSF

સરહદ સુરક્ષા દળ – BSFએ કચ્છની સરહદ પર બિનવારસી હાલતમાં રહેલી એક પાકિસ્તાનની હોડી કબજે કરી છે. કચ્છ જિલ્લામાં આંતર-રાષ્ટ્રીય સરહદના સંવેદનશીલ ક્રિક અને હરામીનાળા વિસ્તારમાં નિયમિત પેટ્રોલિંગ દરમિયાન આ કાર્યવાહી કરવામાં આવી.

પ્રાથમિક તપાસમાં હોડીમાંથી માછલીઓ પકડવાના સાધન અને જાળ મળી છે. જોકે, કોઈ વિસ્ફોટક સામગ્રી નથી મળી. તેમ છતાં સુરક્ષા સંસ્થાઓ આ મામલે આગળની તપાસ કરી રહી છે.

# AMRELI FARMER

ગુજરાત પ્રદેશ કિસાન મોરચા દ્વારા ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને કૃષિમંત્રી જીતુ વાઘાણીને રજૂઆત કરવામાં આવી. ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા ખરીદવામાં આવતા બીજ ઉત્પાદન માટે "વર્તમાન MSP + 25 ટકા" ભાવ નક્કી કરવાની કિસાન મોરચાએ માગ કરી છે.

# 10TH RESULT

અમરેલી જિલ્લામાં ધોરણ 10નું 79.75% પરિણામ આવ્યું છે. જિલ્લામાંથી 14 હજાર 853 વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. તેમાંથી 596 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ તો એક હજાર 622 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવ્યો છે.

-------------------------------------------------------------